"જાણવા જોગું"

અનેક પુણ્યવંત જિજ્ઞાસુ આત્માઓનો એ પ્રશ્ન છે, કે, "શ્રી સીમન્ધરસ્વામીજી પરમાત્મા એટલે કોણ? એમને કયા તીર્થંકર પરમાત્મા સમજવા? વર્તમાન ચોવિશીમાં તો એમનું નામ નથી. શું આવતી ચોવિશીમાં થનારા તીર્થંકર પરમાત્મા છે? કેટલા અનાગત ચોવિશીના નામો જાણે છે. તેઓ પ્રશ્ન કરે છે, કે, અનાગત ચોવિશીના નામોમાં પણ શ્રી સીમન્ધરસ્વામીજી પરમાત્માનું નામ નથી. તો એમને કયા તીર્થંકર પરમાત્મા સમજવા? કોઈક તો એવો પણ પ્રશ્ન કરે છે, કે, શું શ્રી સીમન્ધરસ્વામીજી હજી સંસારી છે?

જિજ્ઞાસુ પુણ્યવન્ત મહાનુભાવોનો શ્રી સીમન્ધરસ્વામીજી કોણ? એ પ્રશ્નના પ્રત્યુત્તર રૂપે જણાવવામાં આવે છે કે, શ્રી મહાવિદેહક્ષેત્રમાં સદેહે સાક્ષાત્ વિચરી રહેલ ૫૦૦ ધનુષ્ય સમુન્નત મહાવિરાટકાય વિશવિહરમાણ તીર્થંકર પરમાત્મા પૈકીના "અનંતતારક શ્રી સીમન્ધરસ્વામીજી પરમાત્મા" પ્રથમ તીર્થંકર પરમાત્મા છે. જિજ્ઞાસુ આત્માઓનો બીજો પ્રશ્ન એ છે, કે, "શ્રી મહાવિદેહક્ષેત્ર" એટલે શું? અને એ ક્ષેત્ર ક્યાં આવ્યું?

એ બધું જાણવા માટે "પૂજ્યતમ મહાતારક શ્રી જિનાગમોને અનુસરતા પ્રકરણાદિ ગ્રન્થોનું સહેજ વિહંગાવલોકન કરવું આવશ્યક ગણાશે.

ક્રમ પ્રમાણે પ્રથમ કર્મભૂમિનો જ વિચાર કરવો જોઈએ. પણ એની સાથે "પ્રસ્તુત પ્રકરણનો" વિશેષ સંબંધ હોવાથી એનો વિચાર પછી કરીશું. પ્રથમ અકર્મભૂમિ અને અન્તર્દ્વીપનો વિચાર કરીએ.

અકર્મભૂમિ :—

અસિ, મષિ, અને કૃષિ એ ત્રણ કર્મની અપેક્ષા વિના જેનો સમગ્ર જીવન વ્યવહાર ચાલે તે અકર્મભૂમિ કહેવાય છે. "હિમવંતક્ષેત્ર" "હરિવર્ષક્ષેત્ર" "હિરણ્યવંત ક્ષેત્ર" "રમ્યકક્ષેત્ર." તથા "મહાવિદેહક્ષેત્રનાં" "દેવકુરુ" અને "ઉતરકુરુ" મળી કુલ છ અકર્મભૂમિઓ–શ્રી જમ્બૂદ્વીપની છે.

ઉપર્યુક્ત "હિમવંતક્ષેત્રાદિ"ના નામની જ દ્વિત્વ દ્વિત્વ અકર્મભૂમિઓ "શ્રી ધાતકીખંડ" અને "શ્રી પુષ્કરવરદ્વીપાર્ધ" ની મળીને ચોવીશ અકર્મભૂમિઓ તેમાં "શ્રી જમ્બૂદ્વીપની" છ અકર્મભૂમિઓનો સમાવેશ કરતાં કુલ ત્રિશ અકર્મ-ભૂમિઓ થઈ.

અન્તર્દ્વીપ :—

"શ્રી જમ્બૂદ્વીપના" "હિમવંત" અને "શિખરી પર્વત"ની બન્ને બાજુએથી બબ્બે બબ્બે દાઢાઓ ગજદંતાકારે નિકળીને "લવણસમુદ્ર"માં ગયેલ છે. એટલે કુલ આઠ દાઢાઓ થઈ.

કર્મભૂમિ :—

અસિ એટલે તલવાર ખડ્ગાદિ શસ્ત્રો, મષિ એટલે રોશનાઇ-લેખનકળાદિ, અને કૃષિ એટલે ખેતીવાડી આ ત્રણ કર્મ જ્યાં હોય, અને એની અપેક્ષાએ જેનાં જીવનવ્યવહારો ચાલતા હોય તે કર્મભૂમિ.

એ ત્રણ કર્મ 'શ્રી ભરતક્ષેત્ર' 'શ્રી ઐરવતક્ષેત્ર' અને 'શ્રી મહાવિદેહક્ષેત્રમાં' જ હોય છે.

શ્રી જમ્બુદ્વીપમાં 'એક ભરત' 'એક ઐરવત' અને 'એક મહાવિદેહક્ષેત્ર' એ જ રીતે 'શ્રીધાતકીખંડ' અને 'પુષ્કરવરદ્વી-પાર્ધમા' બબ્બે ભરત ઐરવત અને મહાવિદેહક્ષેત્ર, એટલે કુલ 'પાંચ ભરત, પાંચ ઐરવત, અને પાંચ મહાવિદેહક્ષેત્ર' મળીને કુલ પંદર (૧૫) કર્મભૂમિઓ થઈ.

'શ્રી મહાવિદેહક્ષેત્ર' અને શ્રી સીમન્ધરસ્વામીજી પરમાત્મા કોણ ? એનો વિચાર કરીએ.

'શ્રી ભરતક્ષેત્રથી' ઉત્તર દિશાએ 'નિષધ પર્વત'ની સીમાંત સુધી ૩૩૧૫૭ યોજન ૧૭ કળા જઇએ એટલે 'શ્રી મહાવિદેહ-ક્ષેત્ર' નો પ્રારંભ થાય ત્યાંથી 'નીલવંત પર્વતની' સીમા સુધીનું

તે સમયે અનન્ત-તારકશ્રી મહાપ્રભુજી એ જ્ઞાન બળે પોતાનું ભોગ કર્મ ક્ષીણ થયું જાણીને, તેમ જ સંયમ ગ્રહણ કરવાની એક વર્ષની અવધિ બાકી રહી જાણીને. એક વર્ષ પર્યન્ત "સાવંત્સરિક દાન" દઈને પંચમુષ્ઠિ લોચ કરીને ફાગણ શુદિ ૩ નાં શુભ દિને દીક્ષા ગ્રહણ કરી, તે જ સમયે ચતુર્થ "મનઃપર્યવ જ્ઞાન" ઉત્પન્ન થયું. એક હજાર વર્ષ અણિશુદ્ધ, અખંડ નિરતિચાર નિર્મળ સંયમનું પાલન કરીને, પરમ વિશુદ્ધ અધ્યવસાયની નિર્મળતા રૂપ ક્ષપકશ્રેણિ માંડીને ચાર ઘાતિ કર્મનો સર્વથા ક્ષય કરીને ચૈત્ર શુદિ ૧૩ ના શુભ દિને— અનન્તાનન્ત વસ્તુ વિષયક "શ્રી કેવળજ્ઞાન કેવળદર્શન" પામીને ચતુર્વિધ શ્રી સંઘની સ્થાપના કરી~~ને મહાતારક કરીને~~ મહાતારક તીર્થ પ્રવર્તાવ્યું.

અનન્ત-તારકશ્રી મહાપ્રભુજીના અચિન્ત્ય-ચિન્તામણિકલ્પ-ભૂત અનન્તાનન્ત મહાપ્રભાવે અનન્ત-તારકશ્રીના પરમ પૂનિત શ્રી મુખે મહાવ્રતો ઉચ્ચરીને પ્રભુજીનો મંત્રિત વાસચૂર્ણ લઈને મહાપ્રભુજીના સ્વહસ્તે દીક્ષિત બનેલ પૂજ્ય ચોરાશી ગણધર મહારાજાઓ, સો સો ક્રોડ (૧૦૦૦૦૦૦૦૦૦) પૂજ્ય સાધુ સાધ્વીજી મહારાજાઓ, તેમ જ દશ લાખ (૧૦૦૦૦૦૦) કેવળજ્ઞાનિ મહા-રાજાઓના અતિવિશાળ પરિવાર યુક્ત અનન્ત-તારકશ્રી મહા-

[illegible]

[illegible]

[illegible]

[illegible]

અનન્તાનન્ત શ્રી પંચપરમેષ્ઠિ ભગવન્તોને તેમ જ શ્રી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપરૂપ અનન્ત ધર્મ ચતુષ્ટયને પણ ભાવ પૂર્વક પ્રતિસમયે અનન્તાનન્ત શતકોટિ વંદન.

પ્રસ્તુત પુસ્તકમાં અનન્ત-તારકશ્રીનું મહાભવ્ય તીર્થસ્વરૂપ મહાભવ્ય જિનમન્દિરજીનું નિર્માણ કયા નિમિત્તે ? કયી રીતે થયું ? તેનો ટૂંક પરિચય આપેલ છે.

અનન્ત-તારકશ્રીની મહાતારક આજ્ઞાથી વિપરીત જાણે અજાણે કંઈ પણ હીનાધિક વિચારાયું હોય ? કે લખાયું હોય ? તો અનન્તાનન્ત પંચપરમેષ્ઠિ-ભગવંતોની સાક્ષીએ ત્રિવિધ ત્રિવિધ મિચ્છામિ દુક્કડં દઉં છું.

લેખક

સ્થળ

શ્રી સીમન્ધરસ્વામિ-જિનમન્દિર ખાતુ.

મહેસાણા-ગૂજરાત.

શ્રી વીર સંવત્ ૨૪૯૯ ના વૈશાખ શુકલા પષ્ઠી.

શ્રી

[illegible]

શ્રીમન્નારાયણસ્વામિ-જીવનપ્રસાદનો

ટૂંક પરિચય

[illegible]

મહામેઘના અમૃતમામની નન્દનવન સમ નવપલ્લ-
પુષ્કરાવર્ત મહામેઘના અમૃતમાગની નન્દનવન સમ નવપલ્લ્ શ્રી મહેસાણાનગરે શ્રી
વિત બનેલ શ્રી ગુર્જરદેશ વિભૂષણ શ્રી મહેસાણાનગરે શ્રી
વીર સંવત ૨૪૯૪, વિક્રમ સંવત ૨૦૨૪ ના આષાઢ શુક્લા
પંચમી (૫) દિને શુભમુહૂર્તે અપ્રમત્ત ક્રિયાશીલ પરમપૂજ્ય
મુનીશ્વર શ્રી રવિસાગરજી મહારાજ સાહેબના શિષ્યરત્ન શુદ્ધગ-
વેષક, મુનિરાજ શ્રી સુખસાગરજી મ. સા. ના પટ્ટધર પ. પૂ.
આચાર્યદેવ શ્રીમદ્બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
આચાર્યદેવ શ્રીમત્ કીર્તિસાગરસૂરીશ્વરજી મ. સા. ના. પટ્ટધર
તપસ્વી મુનિરાજ શ્રી જિતેન્દ્રસાગરજી મ. સા. ના. શિષ્યરત્ન
આચાર્યદેવ શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબશ્રીજી
આદિ ઠાણાનો ચાતુર્માસ નિમિત્તે મંગળ પ્રવેશ થયેલ.

શ્રી જિનપ્રાસાદની પ્રાથમિકતા

કેટલાક દિવસો પછી શ્રી મોતિલાલ નગીનદાસ મણિયા-
મને જણાવ્યું કે, અમે રાષ્ટ્રીય ચોરી માર્ગ પાસે જૈનોના વસવા
માટે શ્રી શાન્તિનાથ સોસાયટી બનાવીએ છીએ, ત્યાં અમ
પૂજા સેવા કરવા નાનું સરખું-સુરમ્ય અનંતતારક દેવાધિદે
જિનાલય નિર્માણ કરાવવાની ભાવના છે.

શ્રી જિનાલય માટે અમુક રકમ અમોએ એકત્રિત કરેલ
છે. પણ એટલી નાની રકમથી જિનાલયનું નિર્માણ થઈ શ
તેમ નથી. માટે આપ પરમપૂજ્યપાદ આચાર્યદેવ શ્રી કૈલા-
સાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબને વિનતિ કરો તો આચા
મહારાજશ્રીજીના સદુપદેશથી જુદા જુદા શ્રી જિનમંદિરમ

હૈયે અંકુરિત બનીને સદાકાળ નન્દનવન સમ નવપલ્લવિત રહે. મહાતારક વરબોધિ એટલે શ્રી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ, શ્રી સમ્યગ્દર્શનની શુદ્ધિ, શ્રી સમ્યગ્દર્શનની વૃદ્ધિ, શ્રીસમ્યગ્દર્શનનું સ્થિરીકરણ, તેમ જ બુદ્ધિની નિર્મળતાનું પરમપુષ્ટાલમ્બન બને.

એવા અતિસુરમ્ય, ચિત્તાકર્ષક, મહાભવ્ય, પ્રશમરસનિમગ્ન, અનન્તતારક શ્રી-પરમાત્માના પ્રતિમાજી મહારાજ, સમ્પૂર્ણ સબહુમાન ધૂપ દીપ આદિ સામગ્રીયુક્ત શક્ય શુદ્ધિ પૂર્વક વિધિવત્ ભરાવીને, શ્રી જિનશાસનની મહાપ્રભાવના પૂર્વક સબહુમાન અત્યુલ્લસિત પ્રસન્નચિત્તે વિધિવત્ "શ્રી પ્રાણ-પ્રતિષ્ઠા રૂપ શ્રી અંજનશલાકા-મહોત્સવ ઉજવીને "શ્રી પ્રાણપ્રતિષ્ઠિત કરીને શ્રી મન્દિરજીમાં વિરાજમાન કરવામાં આવે તો, સમગ્ર વિશ્વ માટે આશીર્વાદ રૂપ બને. અનેકાનેક મહાભાગ્યવન્ત આરાધકાત્માઓને અનન્ત તારક મહાપ્રભુજીનો કેવો મહાદ્ભુત-અચિન્ત્ય-અનન્ત મહાપ્રભાવ છે? તેની ઝાંખી થઈ શકે. અનન્ત પુણ્યવંત અનેક આત્માઓ અનન્ત તારકશ્રીનું અત્યુલ્લસિત પ્રસન્નચિત્તે અરાધના કરીને, ભવ ભવાન્તરમાં શીઘ્રાતિશીઘ્ર અનન્ત-તારકશ્રીનું સાક્ષાત્ શરણ પામવા પૂર્વક અનન્ત તારકશ્રીના સ્વહસ્ત દીક્ષિત બનીને, અનન્ત તારકશ્રીની મહાતારક પુણ્ય નિશ્રામાં સાથે વિચરીને શીઘ્રાતિશીઘ્ર આત્મશ્રેયઃ સાધી શકે.

શ્રી ભૂમિપટ પ્રાપ્ત થાય તો?

મહા વિરાટકાય પ્રતિમાજી યુક્ત મહાભવ્ય-તીર્થ સ્વરૂપ ઉક્ત અનન્ત-તારકશ્રીનું અતિ ભવ્ય જિનમન્દિરજી ભારતવર્ષમાં

[illegible]

শ্রী মদন মুখোপাধ্যায়ের চিঠি

[illegible]

કે, અનન્ત તારકશ્રીનું મહાતીર્થ સ્વરૂપ જિનાલયનું નિર્માણ થતું હશે? તો, નિષ્કામ ભાવે અવશ્ય ઉપદેશ કરવા ભાવના રાખું છું.

થોડા દિવસ બાદ મુંબઈથી અંબાસણ નિવાસી શ્રી રમણલાલ ડાહ્યાભાઈ મહેસાણા આવ્યા, તેમને પણ આ વાત ખૂબ જ રુચિ. અને તેમણે પણ જણાવ્યું કે, તન મન ધનથી શકય તેટલો વિશેષ લાભ લેવા ભાવના રાખું છું.

શ્રી સંઘને સદ્ઉપદેશ

પરમ પૂજ્યપાદ આચાર્યમહારાજશ્રીજીએ સર્વ પ્રથમ મહેસાણા શ્રી સંઘના મુખ્ય મુખ્ય ભાઈઓને જિનાલય નિર્માણ અંગે સદ્ઉપદેશ દ્વારા-સમજ આપી, ત્યારે શ્રી મહેસાણાના ભાઈઓએ જણાવ્યું કે, આ મહાભગીરથ કાર્ય છે. એ માટે ઘણી ઘણી વિચારણા માગે છે.

શ્રી પુણ્યવન્તોનો હાર્દિક સહકાર

સુશ્રાવક વકીલ શ્રી રમણલાલ ધરમચંદ શાહ, શ્રી ચંપકલાલભાઈ કાળીદાસ હરસે. અને શ્રી બાબુભાઈ મણિલાલ દેત્રોજવાળાને મેં જણાવ્યું કે, આ મહાભગીરથ કાર્યની જવાબદારી શ્રી મહેસાણા શ્રી સંઘ ઉપર નહિ રહે. પણ શ્રી મોતીલાલભાઈ જણાવે છે, કે, શ્રી મહેસાણા શ્રી સંઘ-આ કાર્યમાં નહિ સંકળાય તો, બીજા સંઘો લાભ લેવા ઉત્સાહિત નહિ થાય. તે શ્રી સંઘો એવું જણાવશે કે, શ્રી મહેસાણા ગામનો શ્રી સંઘ જ જેમાં નથી, એટલે આ કાર્ય કેટલું વિશ્વસનીય ગણાય? આ એક

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

કરાવવાની શુભ ભાવનાથી આસો માસમાં શ્રી રાજનગર (અમદાવાદ)થી દહેગામ નિવાસી પુણ્યવન્ત આત્માઓ મહેસાણા વિનતિ કરવા આવ્યા, અને પૂજ્યપાદશ્રીજીને વિનતિ કરતા જણાવ્યું કે, આપશ્રીજીની પુણ્યનિશ્રામાં શ્રી વીરશાસન જૈન-સંઘના શુભ નામથી મહામંગળકારી શ્રી ઉપધાન તપ વહન કરાવવા નિર્ધારેલ છે. તો કૃપા કરીને અમારી વિનતિનો સ્વીકાર કરીને ચાતુર્માસ બાદ તૂર્ત જ અમદાવાદ પધારવા કૃપા કરો. પૂજ્યપાદશ્રીજીએ જણાવ્યું કે, ક્ષેત્ર સ્પર્શના હશે તો, વર્તમાન જોગ કહેવા પૂર્વક વિનતિનો સ્વીકાર કરેલ.

શ્રી જિનપ્રાસાદ–ભૂમિપટની પ્રાપ્તિ

આસો માસમાં જગુદન નિવાસી શ્રી માણેકલાલ ધરમચંદ મહેસાણા આવ્યા. પરમ પૂજ્યપાદ આચાર્ય મહારાજ-શ્રીજી એ અનંત તારક દેવાધિદેવ શ્રી સીમન્ધરસ્વામિજી–પરમાત્માના શ્રી જિનમન્દિરજી માટે સદુપદેશ કરતા, એમણે સહર્ષ શ્રી સીમન્ધરસ્વામિ–જિનમંદિરજી નિર્માણ જેટલી ભૂમિ માટેની રકમ અર્પણ કરીને ખૂબ સુંદર લાભ લીધેલ. દિન–પ્રતિદિન ઉલ્લસિત ભાવપૂર્વક મહાભાગ્યશાળિ–પુણ્યવન્ત આત્માઓ તરફથી વચનો મળતા ગયા, અને મારું વર્ષો જૂનું ભાવના સ્વપ્ન સાકાર બને તેવા પ્રત્યક્ષ ચિહ્નો જણાવા લાગ્યા. એમ કરતાં ચાતુર્માસ પૂર્ણ થવા આવ્યું.

શ્રી સોમાભાઈ [illegible]

[illegible]

શ્રી [illegible]

ભરાવવાની ભાવનાથી આરસની શોધ કરવા લાગ્યા. બાર બાર મહિના સુધી પ્રયત્નો કરવા છતાં, કોઈપણ આરસની ખાણવાળાએ આવા મોટા વિરાટકાય પ્રતિમાજી માટે આરસ આપવાની હિમ્મત ન દાખવી, તો પણ અંશમાત્ર હતાશ કે નિરાશાવાદી બન્યા સિવાય અનન્તતારક અનન્તકૃપાળુ પરમાત્મામાં અટળ વિશ્વાસ રાખીને પૂર્ણ આશાવાદી રહેવા પૂર્વક–વિશેષ પ્રયત્નશીલ રહ્યા. આખરે એક ખાણવાળાએ હિમ્મત કરીને આરસ આપવા માટે આદેશ સ્વીકાર્યો.

જટિલ સમસ્યા

સામાન્યતયા ખાણમાંથી ૭'–૮' ફૂટના ખંડ કાઢવા સુશક્ય લેખાય, પણ ૧૫' ફૂટ જેવો અખંડ એક જ આરસનો ખંડ કાઢવો અતિદુષ્કર કાર્ય હતું. પરન્તુ અનંતકૃપાળુ પરમાત્માના અનન્તાનંતમહાપ્રભાવે છ માસના અવિરત–સતત્ પ્રયાસે ૩૦' ફૂટનો અખંડ ટૂકડો ખાણમાંથી જૂદો પાડવામાં આવ્યો ત્યાર બાદ અમદાવાદથી શિલ્પી શ્રી બળદેવભાઈ અને મહેસાણાથી શ્રી સુમતિલાલભાઈ હરડે આદિ કાર્યકર્તાઓ મકરાણા ખાણ ઉપર જઈને શ્રી બળદેવભાઈએ ૩૦' ફૂટના ખંડમાં જે વિભાગ ઉપર શ્રી જિનેશ્વરદેવનું રેખાચિત્ર અંકિત કરી આપેલ, તે ૧૫' ફૂટનો વિભાગ જુદો પાડીને, ખાણની અન્દર જ શ્રી જિનબિમ્બનો બાહ્ય આકાર કંડારેલ. તેનું વજન લગભગ ૧૫૨૫ મણ આસપાસ હતું. અતિભારે આ આરસને ખાણમાંથી બહાર કાઢીને મહેસાણા સુધી પહોંચતો કરવો, એ એક અકલ્પ્ય

[illegible]

શ્રી [illegible]

[illegible]

શ્રી [illegible]

[illegible]

ન થાય? ત્યાં સુધી મહેસાણા નગરનાં ભિન્નભિન્ન જૈન નિવાસોમાં આયંબિલતપ ચાલુ રાખેલ.

મકરાણાખાણથી પ્રયાણ

ફાલ્ગુન શુકલા પંચમીદિને શુભ મુહૂર્તે ખાણથી પ્રયાણ કરેલ. ખાણથી મકરાણા ગામ સુધીનો લગભગ ૭ માઈલ (ત્રણ કોશ)નો અતિરેતાળ માર્ગ હોવાથી, ૭ માઈલ સુધી ઘાસ પાથરીને ટ્રેઈલર વાહનને મકરાણા ગામ પહોંચતા ત્રણ દિવસ થયેલ. ગામનો માર્ગ આઠ ફૂટ પહોળો, અને ટ્રેઈલર વાહન ૧૩' ફૂટ વિસ્તીર્ણ એટલે માર્ગ વિસ્તીર્ણ બનાવવો અનિવાર્ય બનેલ, પરન્તુ માર્ગની બાજુનાં મુસલમાનોના ઘરો હતા. તેમની સાથે વાતચીત કરતાં અનન્તતારક દેવાધિદેવશ્રીનાં અનન્તાનન્તમહા પ્રભાવે તેઓ તુર્ત જ સમ્મત થયા. એમનાં ઘરોનો અમુક વિભાગ ઉતારીને માર્ગ વિસ્તીર્ણ બનાવીને વાહન આગળ ધપાવીને એમના ગૃહો હતા, તેથી પણ વિશેષ સુન્દર બનાવી આપેલ.

શ્રી જિનપ્રાસાદના પટાંગણમાં પ્રવેશ

મકરાણાથી મહેસાણા સુધીનો માર્ગ પાકો હોવાથી બે દિવસમાં એટલે ફાગણ શુક્લા એકાદશી દિને નિર્વિઘ્ને સુખરૂપ આવી પહોંચેલ. શ્રી જિન બિંબાકૃતિને સબહુમાન વધાવીને શ્રી જિનપ્રસાદનાં વિશાળ પટાંગણમાં પ્રવેશ કરાવેલ.

[illegible] શ્રી [illegible] [illegible]

શ્રી [illegible] [illegible] પ્રવેશ

[illegible]

સાધર્મિક વાત્સલ્ય

એ મહામાંગલિક શુભ પ્રસંગનિમિત્તે ફાલ્ગુન કૃષ્ણા દ્વિતીયા દિને જગુદન નિવાસી શ્રી માણેકલાલ ધરમચંદે શ્રી સાધર્મિક ભક્તિ નિમિત્તે સાધર્મિક વાત્સલ્યનો લાભ લીધેલ. તે સમયે શિલ્પી શ્રી બળદેવભાઈનો સત્કાર કરીને શ્રી જિનમૂર્તિ નિર્માણનું કાર્ય એમને સોંપવામાં આવ્યું.

શ્રી મહેસાણા ચાતુર્માસ

શ્રી મહેસાણા શ્રી સંઘની વિનતિથી પરમપૂજ્યપાદ આચાર્યમહારાજ શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ શ્રીજી આદિ ઠાણાનું વીર સંવત્ ૨૪૯૭નું ચાતુર્માસ મહેસાણા થયેલ.

શ્રી જિન પ્રતિમાજીનો મંગળ પ્રારમ્ભ

આશ્વિન માસમાં શિલ્પી શ્રી બળદેવભાઈ તથા તેમનાં નાનાભાઈ શ્રી પ્રભુલાલભાઈનું તિલક અને શ્રીફળાદિથી પુનઃ સન્માન કરીને આરસના સાત પ્રતિમાજી મહારાજ નિર્માણ કરાવવાનો મંગળ પ્રારંભ કરાવેલ.

શિલ્પીઓ સ્નાનાદિથી પવિત્ર બનીને, પૂજાના શુદ્ધ વસ્ત્ર પરિધાન કરીને, ધૂપદીપ આદિ સામગ્રી યુક્ત, શક્ય શુદ્ધિપૂર્વક સબહુમાન શિલ્પશાસ્ત્રાનુસાર નિર્માણ કરે, તે માટે શક્ય પ્રબન્ધ કરેલ.

[illegible]

શ્રી [illegible] સભા

[illegible]

[illegible]

ભાવે શાન્તિ અને સમતાથી અંશમાત્ર ઉગ્રતા લાવ્યા સિવાય પૂર્ણ સદ્‌ભાવ પૂર્વક તન મન અને ધનથી ભક્તિ કરવા પૂર્વક એવી અદ્‌ભુત મહોત્સવની ઉજવણી કરો કે, પ્રાણિમાત્ર શ્રી જિનશાસનનો પરમ અનુરાગી બને, એ જ એક નમ્ર હિત-શિક્ષારૂપ માર્ગદર્શન છે.

મુહૂર્ત્તની વિશિષ્ટતા અને પૂજ્યપાદશ્રીજીને વિનતિ

વિશેષમાં પૂજ્યપાદશ્રીજીએ જણાવ્યું કે, આ વર્ષમાં શુભ મુહૂર્તની દૃષ્ટિએ વૈશાખ શુક્લા ષષ્ઠીનો દિન અત્યુત્તમ સર્વશ્રેષ્ઠ દિન છે. તે શુભદિને મહામંગળકારી, મહાતારક દેવાધિદેવની શ્રી અંજનશલાકા-પ્રતિષ્ઠા થાય તો; સકળ શ્રી સંઘને, અને સમગ્ર વિશ્વને પરમઅભ્યુદયપ્રદ બનવા પૂર્વક પરમશ્રેયસ્કર બને. સકળસભાએ મહામંગળકારી શુભ મુહૂર્તને "શ્રી સીમન્ધરસ્વામિનો જય" ના મહાનાદથી સહર્ષ વધાવી લઈને, પરમપૂજ્યપાદશ્રીજીની પરમપૂનિત શુભનિશ્રામાં જ મહોત્સવ ઉજવાવો એવો નિર્ણય કરીને, પુણ્યવન્તોએ પરમ-પૂજ્યપાદશ્રીજીને સબહુમાન વિનતિ કરી, કે આપશ્રીજીની શુભ નિશ્રામાં જ મહોત્સવ ઉજવવા અમારી ભાવના છે. કૃપા કરીને અમારી વિનતિનો સ્વીકાર કરીને અમોને અનુગૃહીત કરવા કૃપા કરો. પરમપૂજ્યપાદશ્રીજીએ "વર્તમાન જોગ" કહેવા પૂર્વક વિનતિનો સ્વીકાર કર્યો.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

મહારાજ-વર્તમાનકાલીન વિશ્વના ગણના પાત્ર શ્રી જિન-બિમ્બોમાં જેની ગણના અજોડ છે.

(૨) શ્રી આદિનાથજી પરમાત્માના પ્રતિમાજી મહારાજ ૫૧" ઇંચ

(૩) શ્રી વાસુપૂજ્યસ્વામિજી-પરમાત્માના,, ,, ,,

(૪) શ્રી શાન્તિનાથજી પરમાત્માના ,, ,, ,,

(૫) શ્રી મહાવીરસ્વામિજી-પરમાત્માના ,, ,, ,,

(૬) શ્રી સીમન્ધરસ્વામીજી પરમાત્માના,, ,, ૨૧" ઇંચ (પરિકરયુક્ત)

(૭) શ્રી શંખેશ્વર-પાર્શ્વનાથજી પરમાત્માના ,, ,, ,, (પરિકરયુક્ત)

(૮) શ્રી સીમન્ધરસ્વામિજી પરમાત્માના પંચધાતુના પ્રતિમાજી મહારાજ ૧૧" ઇંચના મૂળનાયકજીવાળા પંચતીર્થીજી (જેના ઉપર શ્રી અંજનશલાકા મહોત્સવનાં પાંચે કલ્યાણકે ઉજવાયેલ છે.)

(૯) શ્રી ઋષભદેવજી પરમાત્માના પંચધાતુના પ્રતિમાજી ૯ ઇંચના

(૧૦) શ્રી ચંન્દ્રાનન પરમાત્માના પંચધાતુના ,, ,, ,,

(૧૧) શ્રી વારિષેણ-પરમાત્માના પંચધાતુના ,, ,, ,,

(૧૨) શ્રી વર્ધમાન-પરમાત્માના પંચધાતુના ,, ,, ,,

(૧૩) શ્રી શાન્તિનાથજી પરમાત્માના પંચધાતુના ૫" ઇંચના મૂળનાયકજીવાળા પંચતીર્થીજી

(૧૪) સિદ્ધચક્રજી ભગવંતનું યન્ત્ર-૧.

(૧૫) શ્રી વિંશતિસ્થાનક યન્ત્ર-૧

દોરા, આયામ ૪'ફૂટ-૩" ઇંચ-૧ા દોરો, વિસ્તીર્ણ ૨' ફૂટ-૧" ઇંચ-૪ા

પાટલીનો કળશ ૧૦"ઇંચ-૧ાાદોરા. ઉન્નત.

ધ્વજા આયામ ૨૫'ફૂટ૭"ઇંચ, વિસ્તીર્ણ ૩'ફૂટ-૨"ઇંચ-૩ દોરા.

શ્રી જિનપ્રાસાદ ભૂમિતળથી ધ્વજદંડની પાટલીના કળશ સુધી ૧૨૭'ફૂટ૯"ઇંચ ઉન્નત.

(૨) શિખર ઘુમટ તથા શ્રૃંગાર ચોકીઓનું સ્વરૂપ

(૧) નાના મોટા ૭૩૩ કળશ યુકત મુખ્ય શિખર.

(૨) પ્રાસાદ પુત્રના ૫૧ કળશ.

(૩) ૨૫૭ અંડકવાળો સંવરણા યુક્ત અભ્યન્તર ભાગે અત્યાકર્ષક શિલ્પકળા યુકત અતિવિસ્તીર્ણ ઘુમટ.

(૪) ઉત્તર દક્ષિણ અને પશ્ચિમાભિમુખે ૨૦૧ અંડકવાળી અત્યાકર્ષક શિલ્પકળા યુકત ત્રણ શ્રૃંગારચોકીઓ.

(૩) મંડોવરનું સ્વરૂપ :—

(૧) ગર્ભગૃહ તથા કોલીમંડપનાં મંડોવરમાં દિશાઓના દેવતાઓની ઉભી દશ મૂર્તિઓ.

(૨) દશ-દિક્પાળની ઉભી દશ મૂર્તિઓ.

(૩) ચાર દિશાના ચાર ઇન્દ્રોની ઉભી ચાર મૂર્તિઓ મળી કુલ ચોવીશ મૂર્તિઓ.

(૩) રંગમંડપના સ્તમ્ભો ઉપર ૫' ફૂટ ૯" ઈંચની ઉન્નત વિદ્યાદેવીઓની આઠ મૂર્તિઓ, અને બે ફૂટની ઉન્નત સિંહાસન વિરાજિત વિદ્યાદેવીઓની આઠ મૂર્તિઓ.

સાક્ષાત્ દેવલોકથી અવતરિત દેવવિમાન જ ન હોય ? એવું અતિરમણીય આહ્‌લાદજનક અનન્ત-તારકશ્રીનું જિનપ્રાસાદ શોભી રહ્યું છે.

શ્રી ભારતવર્ષમાં અનન્ત-તારક દેવાધિદેવશ્રી સીમન્ધર-સ્વામિજી-પરમાત્માના ગણનાપાત્ર જેટલાં જિનપ્રાસાદો હશે ? તેમાં આ જિન પ્રાસાદ અગ્રેકોટિનું ગણાશે.

ૐ હ્રીઁ શ્રી સીમન્ધરસ્વામિને નમો નમઃ

ૐ હ્રીઁ શ્રી મહાવીરસ્વામિને નમો નમઃ

અનન્તલબ્ધિનિધાનાય શ્રી ગૌતમસ્વામિને નમો નમઃ

પંચમ-ગણધરાય શ્રી સુધર્મસ્વામિને નમો નમઃ

સચ્ચારિત્ર-મુકુટમણિ પરમ-પૂજ્યપાદ શ્રી
રવિસાગર-સદ્ગુરુભ્યો નમો નમઃ

卐 卐 卐

જગજ્જન્તુ-નિસ્તારણે-યાન-પાત્રં
સમારામ-વિશ્રામ-સંલીન-ચિત્તમ્ ।
નતાનેક-નાકેન્દ્ર-પાદારવિન્દં,
સ્તુવે સ્વામિ-સીમન્ધરં દેવદેવમ્ ॥ ૧ ॥

卐 卐 卐

કલ્યાણપાદપારામં, શ્રુતગઙ્ગા-હિમાચલમ્ ।
વિશ્વામ્ભોજ-રવિં દેવં, વન્દે શ્રી જ્ઞાતનન્દનમ્ ॥ ૨ ॥

卐 卐 卐

જિણબિંબ પઇટ્ઠં જે કરંતિ તહ કારવિંતિ ભત્તિએ ।
અણુમણ્ણંતિ પઇદિણં સવ્વે સુહભાઇણો હુંતિ ॥૩॥

ત્રિકાલાબાધિત-અવિચ્છિન્ન-અનન્તાનન્તમહા પ્રભાવશાળી, ચરમ-શાસનપતિ, સર્વજ્ઞ, તીર્થંકરદેવ શ્રી મહાવીરસ્વામિજી-પરમાત્મા-સંસ્થાપિત-મહાતારક-જિનશાસન અવિચ્છિન્નપણે પ્રવર્તી રહ્યું છે. એ વિશ્વવર્તિ-જીવમાત્રનું પરમ સદ્ભાગ્ય.

અનન્તોપકારક અનન્તતારક સર્વજ્ઞ દેવાધિદેવ શ્રી વીતરાગ પરમાત્મા સંસ્થાપિત એ મહાતારક શાસનમાં આત્મશ્રેયનાં અસંખ્ય માર્ગો બતાવ્યા છે. એ સંખ્યાતીત માર્ગોમાં શ્રી જિનેશ્વરદેવોની ભક્તિયોગ (માર્ગ) એ પણ શ્રેષ્ઠતમ આત્મશ્રેયનો ઉપાય છે. અરે ! અનન્તજ્ઞાનિ-ભગવંતોએ પ્રભુભક્તિને સિધી જ મુક્તિની દૂતી કહી છે. જેમ સર્વવિરતિ-સંયમમાર્ગ એ આત્મશ્રેયનો રાજમાર્ગ છે-તેમ અપેક્ષાએ પ્રભુભક્તિ ને પણ આત્મશ્રેયનો રાજમાર્ગ કહીએ તો અતિશયોક્તિ નહિ ગણાય.

અનંતતારકશ્રી પ્રરૂપિત મહાતારક શ્રી જિનાગમોમાં શ્રી જિનેશ્વરદેવોની ભક્તિના અનેકાનેક પ્રકારો વર્ણવ્યા છે. પણ તે સર્વ પ્રકારોમાં શ્રી જિનેશ્વરદેવોના મહાતારક પંચકલ્યાણકોની ઉજવણી સ્વરૂપ શ્રી અંજનશલાકા (પ્રાણપ્રતિષ્ઠા) મહોત્સવ એ સર્વશ્રેષ્ઠતમ પ્રભુભક્તિનો પ્રકાર ગણાય છે. કારણ કે એ મહા-તારક-મહોત્સવમાં ઉત્કૃષ્ટ ભાવે શ્રી પાંચે કલ્યાણકોની ઉજવણી સંલગ્ન થઈ શકે.

અનંતતારક શ્રીના મહાતારક પાંચે કલ્યાણકોની પરમોત્કૃષ્ટ ભાવે સાક્ષાત્ ઉજવણી તો બત્રિશ બત્રિશ લાખ (૩૨૦૦૦૦)

ધ્યાનારૂઢરૂપ ક્ષપકશ્રેણિ માંડીને ચારે ઘાતિ કર્મનો ક્ષય કરીને "શ્રી નાગકેતુ" ની જેમ અન્તર્મુહૂર્તમાં કેવળજ્ઞાનને પણ પામી શકે.

અનન્તતારકશ્રીનાં મહાતારક પંચકલ્યાણકોની ઉજવણી પરમ હર્ષોલ્લાસથી કરતાં ગમે તેવાં અન્તરાય કર્મો–વિઘ્નો–અશાન્તિ ઉપદ્રવો, મરકી મહામારી આદિ અસાધ્ય રોગો ઉપદ્રવો તેમજ આધિ–વ્યાધિ–ઉપાધિના ત્રિવિધ મહાતાપો સદાને માટે શાન્ત–ઉપશાન્ત–પ્રશાન્ત બનીને "શ્રી શ્રીપાળ મહારાજા"ની જેમ "પુણ્યાનુબંધી પુણ્ય" બંધાઈ ને, એ પુણ્ય પરમોદિત બનીને અનન્તતારકશ્રીનાં મહાતારક શાસનની આરાધના–પ્રભાવના અને રક્ષાના મહામંગળકારિ–અનેકાનેક મહાલાભોનો સુયોગ કરાવીને પરંપરાએ આત્માને મોક્ષપદનો પરમ–અધિકારી બનાવે છે.

અનન્તતારકશ્રીના મહાતારક પંચકલ્યાણકોની મહામંગળકારી ઉજવણી પ્રસન્ન ચિત્તે જે 'જનપદ' 'દેશ' 'પૂર–નગર' 'ગ્રામ' માં થતી હોય, ત્યાં મરકી, પરરાષ્ટ્રભય, દુષ્કાળ; અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ઝંઝાવાત, ભૂકમ્પ, ભૂત, પ્રેત–પિશાચ, ડાકિની, શાકિની આદિના ભય ઉપદ્રવો ન થાય. થતાં હોય તો, ઉપશમે સર્વત્ર શાન્તિ, આનંદ, મંગળ પ્રમોદ પ્રવર્તે.

પૂર્વોપાર્જિત પ્રબળપુણ્યોદયે એ મહાતારક પંચકલ્યાણકોની ઉજવણી કરવાનો પરમ સુયોગ અમને પ્રાપ્ત થયો છે. અત્ર

સ્થાન ઉપર જ ધૂપ દીપકાદિ સામગ્રીયુક્ત સબહુમાન વિધિવત્ એકાન્તે પરમ કલ્યાણકારી, પરમ શાન્તિદાયક, પરમ અભ્યુદય-પ્રદ, પરમ પુષ્ટાલંબન સ્વરૂપ, મહામંગળકારી અચિન્ત્ય ચિન્તા-મણિ કલ્પભૂત, ત્રિકાલાબાધિત અવિચ્છિન્ન–અનંતાનંત–મહા-મહિમાવંત, પરમસુશ્રદ્ધેય, પરમસુગૃહીતનામધેય, પરમ સુભગ-ભાગધેય, સકલસમીહિતપૂરક અનંતોપકારક, અનંતતારક દેવાધિદેવ શ્રી સીમન્ધરસ્વામિજી–પરમાત્મા આદિ મહાતારક શ્રી જિનેશ્વર દેવોના આરસના ભરાવેલ સાત (૭) પ્રતિમાજી મહારાજ, તેમજ પંચધાતુના ૬ પ્રતિમાજી મહારાજ, શ્રી સિદ્ધચક્રજી ભગવંતનું યંત્ર–શ્રી વિંશતિસ્થાનકયંત્ર, અષ્ટમંગળની પાટલી, તેમજ બહાર-ગામથી શ્રી અંજનવિધિ કરાવવા માટે આવેલ ૩૫૧ થી અધિક પ્રતિમાજી મહારાજાઓની શ્રી અંજનશલાકા–પ્રતિષ્ઠા કરાવવા નિમિત્તે મહામંગળકારી મહોત્સવ ઉજવવા અમોએ નિર્ધારેલ છે.

એ મહાતારક મહામંગળકારી મહોત્સવ સંવિગ્ન પાક્ષિક તપાગચ્છીય પરમ પૂજ્ય, પરમસુવિહિત સચ્ચારિત્રમુકુટમણિ અપ્ર-મત્ત ક્રિયાશીલ મુનિવરેન્દ્ર શ્રી રવિસાગરજી મહારાજ સાહેબશ્રીના પટ્ટધર શિષ્યરત્ન અપ્રમત્ત ક્રિયાશીલ શુદ્ધગવેષક મુનિરાજ શ્રી સુખસાગરજી મ૦ સા૦ ના પટ્ટધર શિષ્યરત્ન પ૦ પૂ૦ આચાર્ય મહારાજ શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી, મ૦ સા૦ ના પટ્ટધર શિષ્ય-રત્ન આચાર્યદેવ શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી મ૦ સા૦ ના પટ્ટધર શિષ્યરત્ન પ૦ પૂ૦ તપસ્વી મુનિરાજ શ્રી જિતેન્દ્રસાગરજી મ૦ સા૦ના શિષ્યરત્ન પ૦ પૂ૦ આચાર્યદેવ શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી

ધ્યાનારૂઢરૂપ ક્ષપકશ્રેણિ માંડીને ચારે ઘાતિ કર્મનો ક્ષય કરીને "શ્રી નાગકેતુ" ની જેમ અન્તર્મુહૂર્તમાં કેવળજ્ઞાનને પણ પામી શકે.

અનન્તતારકશ્રીનાં મહાતારક પંચકલ્યાણકોની ઉજવણી પરમ હર્ષોલ્લાસથી કરતાં ગમે તેવાં અન્તરાય કર્મો–વિઘ્નો–અશાન્તિ ઉપદ્રવો, મરકી મહામારી આદિ અસાધ્ય રોગો ઉપદ્રવો તેમજ આધિ–વ્યાધિ–ઉપાધિના ત્રિવિધ મહાતાપો સદાને માટે શાન્ત–ઉપશાન્ત–પ્રશાન્ત બનીને "શ્રી શ્રીપાળ મહારાજા"ની જેમ "પુણ્યાનુબંધી પુણ્ય" બંધાઈ ને, એ પુણ્ય પરમોદિત બનીને અનન્તતારકશ્રીનાં મહાતારક શાસનની આરાધના–પ્રભાવના અને રક્ષાના મહામંગળકારિ–અનેકાનેક મહાલાભોનો સુયોગ કરાવીને પરંપરાએ આત્માને મોક્ષપદનો પરમ–આધિકારી બનાવે છે.

અનન્તતારકશ્રીના મહાતારક પંચકલ્યાણકોની મહામંગળકારી ઉજવણી પ્રસન્ન ચિત્તે જે 'જનપદ' 'દેશ' 'પૂર–નગર' 'ગ્રામ' માં થતી હોય, ત્યાં મરકી, પરરાષ્ટ્રભય, દુષ્કાળ; અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ઝંઝાવાત, ભૂકમ્પ, ભૂત, પ્રેત–પિશાચ, ડાકિની, શાકિની આદિના ભય ઉપદ્રવો ન થાય. થતાં હોય તો, ઉપશમે સર્વત્ર શાન્તિ, આનંદ, મંગળ પ્રમોદ પ્રવર્તે.

પૂર્વોપાર્જિત પ્રબળપુણ્યોદયે એ મહાતારક પંચકલ્યાણકોની ઉજવણી કરવાનો પરમ સુયોગ અમને પ્રાપ્ત થયો છે. અત્ર

સ્થાન ઉપર જ ધૂપ દીપકાદિ સામગ્રીયુક્ત સબહુમાન વિધિવત્ એકાન્તે પરમ કલ્યાણકારી, પરમ શાન્તિદાયક, પરમ અભ્યુદય-પ્રદ, પરમ પુષ્ટાલંબન સ્વરૂપ, મહામંગળકારી અચિન્ત્ય ચિન્તા-મણિ કલ્પભૂત, ત્રિકાલાબાધિત અવિચ્છિન્ન–અનંતાનંત–મહા-મહિમાવંત, પરમસુશ્રદ્ધેય, પરમસુગૃહીતનામધેય, પરમ સુભગ-ભાગધેય, સકલસમીહિતપૂરક અનંતોપકારક, અનંતતારક દેવાધિદેવ શ્રી સીમન્ધરસ્વામિજી–પરમાત્મા આદિ મહાતારક શ્રી જિનેશ્વર દેવોના આરસના ભરાવેલ સાત (૭) પ્રતિમાજી મહારાજ, તેમજ પંચધાતુના ૬ પ્રતિમાજી મહારાજ, શ્રી સિદ્ધચક્રજી ભગવંતનું યંત્ર–શ્રી વિંશતિસ્થાનકયંત્ર, અષ્ટમંગળની પાટલી, તેમજ બહાર-ગામથી શ્રી અંજનવિધિ કરાવવા માટે આવેલ ૩૫૧ થી અધિક પ્રતિમાજી મહારાજાઓની શ્રી અંજનશલાકા–પ્રતિષ્ઠા કરાવવા નિમિત્તે મહામંગળકારી મહોત્સવ ઉજવવા અમોએ નિર્ધારેલ છે.

એ મહાતારક મહામંગળકારી મહોત્સવ સંવિગ્ન પાક્ષિક તપાગચ્છીય પરમ પૂજ્ય, પરમસુવિહિત સચ્ચારિત્રમુકુટમણિ અપ્ર-મત્ત ક્રિયાશીલ મુનિવરેન્દ્ર શ્રી રવિસાગરજી મહારાજ સાહેબશ્રીના પટ્ટધર શિષ્યરત્ન અપ્રમત્ત ક્રિયાશીલ શુદ્ધગવેષક મુનિરાજ શ્રી સુખસાગરજી મ૦ સા૦ ના પટ્ટધર શિષ્યરત્ન પ૦ પૂ૦ આચાર્ય મહારાજ શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી, મ૦ સા૦ ના પટ્ટધર શિષ્ય-રત્ન આચાર્યદેવ શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી મ૦ સા૦ ના પટ્ટધર શિષ્યરત્ન પ૦ પૂ૦ તપસ્વી મુનિરાજ શ્રી જિતેન્દ્રસાગરજી મ૦ સા૦ના શિષ્યરત્ન પ૦ પૂ૦ આચાર્યદેવ શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી

મહારાજ સાહેબજીની પુણ્ય નિશ્રામાં ઉજવવા માટે અમોએ તેઓશ્રીજીને વિનતિ કરી હતી. તેઓશ્રીજીએ પરમકૃપા કરીને અમારી વિનતિનો સ્વીકાર કરીને અમોને પરમ અનુગૃહીત કર્યા છે. તે માટે અમો સહુ તેઓશ્રીજીના સદાના અત્યન્ત ઋણી છીએ. આ સંપૂર્ણ મહોત્સવ ઉક્ત પરમપૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રીજીની પુણ્ય નિશ્રામાં જ ઉજવાશે.

મહા મંગળકારી શુભ પ્રસંગે સ્વપર સમુદાયના પરમ પૂજ્ય સાધુ–સાધ્વીજી મહારાજાઓને પધારવા માટે સબહુમાન વિનતિ કરતાં પ૦ પૂ૦ પન્ન્યાસ શ્રી મનોહર વિજયજી ગણિવર્ય આદિઠાણા, પ૦ પૂ૦ પન્ન્યાસ શ્રી મહિમાવિજયજી ગણિવર્ય આદિઠાણા, પ૦ પૂ૦ આગમોદ્ધારક આચાર્યદેવ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ. સા ના શિષ્યરત્ન પ૦ પૂ૦ ગણિવર્ય શ્રી વિમળસાગરજી મ૦ આદિઠાણા, પ૦ પૂ૦ પન્ન્યાસ શ્રી મુક્તિવિજયજી ગણિવર્ય આદિઠાણા, પ૦ પૂ૦ મુ. શ્રી ભદ્રગુપ્તવિજયજી મ. આદિઠાણા. પ૦ પૂ૦ મુ. શ્રી દિલીપચંદ્રજી મ૦ આદિઠાણા. તેમજ પૂ૦ પ્રવર્તિની સાધ્વીજી મહારાજ શ્રી મનોહરજી શ્રી મ૦, પૂ૦ શ્રી પ્રમોદશ્રીજી મ૦, પૂ૦ સા૦ શ્રી લલીતાશ્રીજી મ૦, પૂ૦ સા૦ શ્રી જસવંતશ્રીજી મ૦, પૂ૦ સા૦ શ્રી ઇન્દ્રશ્રીજી મ૦, પૂ૦ સા૦ શ્રી કુસુમશ્રીજી મ૦, પૂ૦ સા૦ શ્રી વિદ્યાશ્રીજી મ૦, સા૦ શ્રી વસંતશ્રીજી મ૦, આદિઠાણા પ૦, પૂ૦ સા૦ શ્રી મેઘશ્રીજી મ૦ આદિઠાણા, વાગડવાળા પૂ૦ સા૦ શ્રી ચન્દ્રોદયાશ્રીજી મ૦ ના

શિષ્યા પૂ૦ સા૦ શ્રી ચન્દ્રકળાશ્રીજી મ૦ આદિઠાણા ૩૫, ૫૦ પૂ૦ આગમોદ્ધારક મ૦ સા૦ સમુદાયના પૂ૦ સા૦ શ્રી નિત્યાનન્દાશ્રીજી મ૦ આદિઠાણા ૩૦, ડહેલાવાળા પૂ૦ સા૦ શ્રી ચન્દ્રોદયાશ્રીજી મ૦ આદિઠાણા, પૂ૦ સા૦ શ્રી ભાસ્વરયશાશ્રીજી મ૦ આદિઠાણા મળી કુલ ૨૦૦ થી અધિક પૂજ્ય સાધ્વીજી મહારાજાઓ પધારીને અમોને અનુગૃહીત કર્યા છે.

મહાતારક અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવનો

—: મંગળ કાર્યક્રમ :—

(૧) પ્રથમ વૈશાખ વદિ-૧૦ સોમવાર તા. ૮-૫-૭૨ અષ્ટોત્તરશત (૧૦૮) કૂપ જલાનયન નિમિત્તે શ્રી જળયાત્રાનો વરઘોડો.

(૨) પ્રથમ વૈશાખ વદિ ૧૧ મંગળવાર તા. ૯-૫-૭૨ શ્રી કુંભ-સ્થાપન, શ્રી અખંડ-દીપક-સ્થાપન, શ્રી જવારા-રોપણ, શ્રી ક્ષેત્રપાળ-સ્થાપન, શ્રી દ્વારપાળ-સ્થાપન, ચાર ચાર દેવીઓનું સ્થાપન, આરતિ, મંગળદીવો, શાન્તિકળશ, ક્ષમાપના.

(૩) પ્રથમ વૈશાખ વદિ-૧૨ બુધવાર તા. ૧૦-૫-૭૨ શ્રી દશ દિક્પાળ-પૂજન, શ્રી નવગ્રહ-પૂજન, શ્રી અષ્ટમંગળ-પૂજન શ્રી નંદ્યાવર્ત-પૂજન, શ્રી ભૈરવ-પૂજન, શ્રી ષોડશ વિદ્યા-દેવી-પૂજન, આરતિ, મંગળદીવો, શાન્તિકળશ, ક્ષમાપના.

(૪) પ્રથમ વૈશાખ વદિ-૧૩ ગુરુવાર તા. ૧૧-૫-૭૨ શ્રી

શ્રીમન્ધરસ્વામિ-જિન-પ્રાસાદ અભિષેક, આરતિ, મંગળ દીવો, શાન્તિકળશ, ક્ષમાપના.

(૫) પ્રથમ વૈશાખ વદિ-૧૪ શુક્રવાર તા. ૧૨-૫-૭૨ શ્રી શાસનદેવી-પૂજન, શ્રી સિદ્ધચક્ર-પૂજન, શ્રી વિંશતિસ્થાનક પૂજન, શ્રી ધ્વજદંડ-કળશ-અભિષેક તથા પૂજન, આરતિ, મંગળદીવો, શાન્તિકળશ, ક્ષમાપના.

(૬) પ્રથમ વૈશાખ વદિ-૩૦ શનિવાર તા. ૧૩-૫-૭૨ ઇન્દ્ર-ઇન્દ્રાણીની શ્રી પ્રભુજીના માતા-પિતા, શ્રી પ્રિયવંદા સખી શ્રી પ્રભુજીના મામા-મામી, મહામન્ત્રી, સેનાપતિ, રાજગુરુ, નગરશેઠ, દ્વારપાળ, છડીદાર, ચામર વિંઝનાર તથા સ્વપ્નપાઠકની સ્થાપના. શ્રી પ્રભુજીનું ચ્યવન-કલ્યાણક, શ્રી પ્રભુજીના માતાજીને ચૌદ મહાસ્વપ્ન દર્શન. સ્વપ્નપાઠક દ્વારા સ્વપ્નનું ફળ કથન, શ્રી ચ્યવન કલ્યાણકનો વરઘોડો. આરતિ, મંગળદીવો, શાન્તિકળશ, ક્ષમાપના.

(૭) દ્વિતીય-વૈશાખ શુદિ-૨ રવિવાર, તા. ૧૪-૫-૭૨. અનંતોપકારક, અનંતતારક, દેવાધિદેવ શ્રી શ્રીમન્ધરસ્વામિજી પરમાત્માનું જન્મ-કલ્યાણક, શ્રી હરિણગમેષી દેવદ્વારા સુઘોષાઘંટાનાદ, છપ્પન દિક્કુમારિકા મહોત્સવ, શ્રી જન્મ-કલ્યાણકનો વરઘોડો, શ્રી મેરુપર્વત ઉપર અઢીસો (૨૫૦) અભિષેક, શ્રી પ્રિયંવદા સખી દ્વારા શ્રી શ્રેયાંસ મહારાજાને મહાતારક પ્રભુજીના જન્મની વધાઈ, ફૈબાની સ્થાપના,

વિદ્યાગુરુની સ્થાપના, આરતિ, મંગળદીવો, શાન્તિકળશ ક્ષમાપના.

૮) દ્વિતીય વૈશાખ શુદિ–૩ સોમવાર. તા. ૧૫–૫–૭૨ અનંતોપકારક, અનંતતારક દેવાધિદેવ શ્રી સીમન્ધરસ્વામિજી આદિ પરમાત્માના નૂતન શ્રી જિનબિંબોને અઢાર અભિષેક, ફોઇણિ દ્વારા શ્રી પ્રભુજીનું નામ સ્થાપન શ્રી પ્રભુજીનું પાઠશાળા ગમન, શ્રી પ્રભુજીના સાસુ–સસરાની સ્થાપના, રાજ્યતિલક કરનાર કુમારિકાની સ્થાપના, નવલોકાન્તિક દેવોની સ્થાપના. આરતિ, મંગળદીવો, શાન્તિકળશ ક્ષમાપના.

(૯) દ્વિતીય વૈશાખ શુદિ–૪ મંગળવાર, તા ૧૬–૫–૭૨ શ્રી પ્રભુજીનો લગ્ન મહોત્સવ, શ્રી પ્રભુજીને રાજ્યાભિષેક તથા રાજ્યતિલક, મહાતારકતીર્થ પ્રવર્તાવવા માટે ભક્તિ ભરિત હૈયે. શ્રી પ્રભુજીને નવલોકાંતિક દેવોની સબહુમાન વિનતિ.

(૧૦) દ્વિતીય વૈશાખ શુદિ–૫ બુધવાર, તા. ૧૭–૫–૭૨ વર્ષીદાનનો વરઘોડો, વરઘોડો ઉતર્યા બાદ દીક્ષા મંડપમાં વર્ષીદાન દેવા પૂર્વક શ્રી દીક્ષાકલ્યાણકની ઉજવણી, રાત્રે શુભ મુહૂર્તે અધિવાસના.

(૧૧) દ્વિતીય વૈશાખ શુદિ–૬ ગુરુવાર. તા. ૧૮–૫–૭૨ પ્રભાતે શુભમુહૂર્તે અનન્તોપકારક અનન્તતારક દેવાધિદેવ શ્રી શ્રી સીમન્ધરસ્વામીજી આદિ પરમાત્માના શ્રી જિન-

બિંબોને સુવર્ણશલાકાથી મંત્રિત અંજનથી અંજનવિધિ, અંજન કરેલ અનંતોપકારક, અનંતતારક દેવાધિદેવ શ્રી સીમન્ધરસ્વામિજી આદિ પરમાત્માના શ્રી જિનબિંબોના ચતુર્વિધ શ્રી સંઘને દર્શન, શ્રી કેવળજ્ઞાનકલ્યાણકની ભવ્ય ઉજવણી. અનંતતારક શ્રી જિનબિંબોને અષ્ટોતરશત (૧૦૮) અભિષેક, શ્રી નિર્વાણકલ્યાણકની ઉજવણી, શુભ મુહૂર્તે અનંતોપકારક અનંતતારક દેવાધિદેવ શ્રી સીમન્ધરસ્વામીજી આદિ પરમાત્માના શ્રી જિનબિંબોને સિંહાસન વિરાજમાન કરવારૂપ પ્રતિષ્ઠા, તે જ સમયે વિમાન દ્વારા શ્રી સીમન્ધરસ્વામિ-જિનપ્રસાદ અને શ્રી સંઘ ઉપર પુષ્પવૃષ્ટિ વિજય મુહૂર્તે બૃહત્-શાન્તિસ્નાત્ર પૂજન, અષ્ટોતરશત-દીપકની આરતિ, મંગળદીવો, શાન્તિ કળશ, ક્ષમાપના. દશદિક્પાળ-નવગ્રહાદિ દેવતાઓનું વિસર્જન, સંધ્યાએ વાજતે ગાજતે નગરને બૃહત્-શાન્તિ સ્નાત્રના શાન્તિકળશ જળની જળધારા દેવી, શ્રી જિન-પ્રસાદ મંગળ કરતી વેળાએ સુવર્ણ-રૌપ્ય-પુષ્પયુક્ત સુવાસિત કુસુમાંજલિની વૃષ્ટિ કરવી.

(૧૧) દ્વિતીય વૈશાખ શુદિ-૭ શુક્રવાર, તા. ૧૯-૫-૭૧ પ્રભાતે શુભમુહૂર્તે વાજતે ગાજતે ચતુર્વિધ શ્રી સંઘ સહિત શ્રી જિનપ્રાસાદનું દ્વારોદ્‌ઘાટન તથા સત્તરભેદી પૂજાપૂર્વક મહાતારક મહોત્સવની પૂર્ણાહૂતિ.

અનંતતારકશ્રીના મહાતારક મહોત્સવના મંગળ પ્રારંભથી શ્રી જિનપ્રાસાદના દ્વારોદ્ઘાટન સુધીના બાર બાર દિવસ પર્યન્ત સાધર્મિક બંધુઓની ભક્તિ નિમિત્તે સવારે નવકારશી સમયથી સાંજે ૬ાા વાગ્યા સુધી સાધર્મિક વાત્સલ્યની સુવ્યવસ્થા રાખવામાં આવેલ. તેમાં નિમ્નલિખિત શ્રી સંઘો તેમ જ પુણ્યવંત આત્માઓએ ખૂબ ઉલ્લાસથી લાભ લીધેલ.

શ્રી મહેસાણા જૈન સંઘ, શ્રી શિવ શ્વે૦ મૂ૦ પૂ૦ જૈન સંઘ (મુંબઈ), શ્રી વિજાપુર વીશાશ્રીમાળી જૈન જ્ઞાતિ સંઘ, શ્રી માણેકલાલ ધરમચંદ, શ્રી શાન્તિનાથ સોસાયટી, શ્રી મોતિલાલ નગીનદાસ, શ્રી સોમચંદ ફુલચંદ તેલી (માણસા), શ્રી ખૂબચંદજી રતનચંદજી જોરાજી મંડાર (રાજસ્થાન), શ્રી ડાગા એન્ડ કંપની, શ્રી ત્રિભુવનદાસ સાકળચંદ, શ્રી લક્ષ્મીચંદ દુર્લભજી, શ્રી હમીરમલજી કુરમચંદજી બાફણા, શ્રી માણેકચંદજી શા સુપુત્ર નગીનચંદજી શા નાહાર, શ્રી માણેકચંદજી બેતાલા, દલાલ એન્ડ કંપની,

દ્રવ્યપૂજનના અનુષ્ઠાનો માટે સૂરત નિવાસી ક્રિયાકારક સુશ્રાવક શ્રી બાલુભાઈ ઉત્તમચંદ, શ્રી ફકીરચંદભાઈ, તથા સાણંદ નિવાસી કાંતિલાલ રાયચંદ મહેતા પધારશે.

સંગીતકાર વડનગર નિવાસી ઠાકુર ગજાનન દેવીદાસ

સંગીત મંડળી સાથે પધારીને શ્રી પ્રભુભક્તિરસનાં અમૃત ઝરણા વહાવીને અતૃપ્ત આત્માઓને ભક્તિરસનું અમૃતપાન કરાવીને તૃપ્ત કરશે.

અનન્ત-તારકશ્રીના મહાતારક માંગલિક પુણ્ય પ્રસંગે આપ સહુ શ્રીમાનોને અમારું સબહુમાન આગ્રહભર્યું નિમંત્રણ છે, આપ સહુ શ્રીમાનો સપરિવાર મહાતારક મહોત્સવના મંગળ પ્રારંભથી જ પધારવા કૃપા કરીને મહાતારક શ્રી જિનશાસનની શોભામાં અભિવૃદ્ધિ કરીને અમને અનુગૃહીત કરવા કૃપા કરશોજી.

અત્ર પધારવાથી આપ શ્રીમાનોને શ્રી મહેસાણા નગરસ્થ-મહાતારક શ્રી જિન પ્રાસાદોમાં વિરાજિત પ્રશમ-રસ-નિમગ્ન શતશઃ અનન્ત-તારકશ્રીનાં જિનબિમ્બોના દર્શન પૂજન આદિનો મહાલાભ, તેમ જ અત્ર વિરાજમાન પરમપૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિ ૪૦ મુનિવરોના, તથા દ્વિશતાધિક (૨૦૦ થી અધિક) પૂજ્ય સાધ્વીજી મહારાજાઓના દર્શન, વંદન, વૈયાવચ્ચ, સેવાભક્તિ આદિનો અપૂર્વ લાભ પ્રાપ્ત થવા પૂર્વક અનંત-તારકશ્રીના મહાતારક શાસનની શોભા પ્રભાવનામાં અભિવૃદ્ધિ થશે.

પરિશિષ્ટ

શ્રી અનન્ત-તારકશ્રીના માતા-પિતા

અનન્ત-તારકશ્રીના પિતાજી સદાચારાદિ અનેક ગુણરત્ન-નિધિ, સુશ્રાદ્ધરત્ન મહારાજાધિરાજ શ્રી શ્રેયાંસ મહારાજા થવાનો અને રાજમાતાજી, સુશ્રાદ્ધરત્નિકા મહાસતી શ્રી સત્યકીદેવી મહારાણી થવાનો અનુપમ લાભ અનુક્રમે નાની ખાખર (કચ્છ) નિવાસી વિશાઓશવાળ જ્ઞાતીય, ગંગરગોત્રીય શ્રેષ્ઠિવર્ય શ્રીમાન્ ધનજીભાઈનાં સુપુત્ર શ્રી લક્ષ્મીચંદભાઈ તથા તેમના સુપત્ની શ્રી રુક્મણિબહેને અપૂર્વ ઉલ્લાસથી લઈને જીવનને અહો ધન્ય બનાવેલ.

શ્રી ઈશાનેન્દ્ર-ઈન્દ્રાણી

